## આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા મહિલા ખેડૂતોને "ચોમાસુ પાકોની ઘનિષ્ઠ ખેતી પદ્ધતી" વિશે તાલીમ આપવામાં આવી

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા કેન્દ્ર ખાતે લીમખેડા તાલુકાના ઉમેદપુરા ગામની મહિલા ખેડૂતોને તા. ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ **"ચોમાસુ પાકોની ઘનિષ્ઠ ખેતી પદ્ધતી"** વિષય ઉપર તાલીમ આપવામાં આવી.

ડો. જી.જે.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ- તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા ખેડુતોને કેન્દ્ર દ્વારા ખેડૂતલક્ષી કરવામાં આવતી વિવિધ વિસ્તરણ અને સંશોધન પ્રવૃત્તીઓથી માહિતગાર કર્યા. વધુમાં તેઓએ દાહોદ જીલ્લામાં આશાસ્પદ નિવડેલ સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી, સુધારેલ સોયાબીનની જાતો અને તેની પસંદગી બાબતે ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ.

ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ દાહોદ વિસ્તારમાં ચોમાસામાં થતા શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી અંગે સવિસ્તર વ્યાખ્યાન આપેલ. રીસર્ચ એસોસીએટ ડો. એ. વાય. માકાણીએ સોયાબીન પાકમાં આવતા રોગો અને તેનું નિયંત્રણ અને શ્રી. ડી. બી. રામજીયાણીએ આદિવાસી વિસ્તારના મુખ્ય કઠોળ પાકોની ખેતી પદ્ધતીથી મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા હતા .શ્રી. જે. એમ. પટેલ (પશુધન નિરીક્ષક) પીવીકે દ્વારા ચોમાસા દરમિયાન પશુઓની લેવાની કાળજી વિશે વાકેફ કર્યા.



## આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા ખેડૂતોને "ચોમાસુ પાકોની ઘનિષ્ઠ ખેતી પદ્ધતી" વિશે તાલીમ આપવામાં આવી

તારીખ: ૧૦/૦૭/૨૦૧૯











